
## ખૂણેખાંચરેથી

- કેન્દ્ર પુરસ્કૃત વિવિધ યોજનાઓના અમલીકરણને જોવા માટે એન.એસ.એમની ટીમ એક સપ્તાહ સુધી જિલ્લામાં ફરી અને દિલ્હી પરત ફરી છે.
- જિલ્લામાં ચણાના પાકનું ટેકાના ભાવે વેચાણ કરવા માટે અત્યાર સુધીમાં ૧૨૮ જેટલા ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. જિલ્લામાં ચણાની ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ ૧લી એપ્રિલથી કરાશે.
- ગાંધીનગર શહેરમાં આજે પ્રધાનમંત્રી જન ઔષધિ દિવસની ઉજવણીમાં હાજરી આપવા માટે ભાજપના કાર્યકર્તાઓને સ્પષ્ટ સૂચના ના હોવાથી સે. ૨૪માં ભેગા થયેલા કાર્યકરો નિરાશ થયા અને ઉજવણી સે. ૬માં કરી ત્યાં કાર્યકરોની ઓછી હાજરીથી નાયબ મુખ્યમંત્રી નારાજ થયા.
- ગાંધીનગર જિલ્લામાં શરદી-ખાંસીના દર્દીઓ માટે અલગ ઓ.પી.ડી. શરૂ કરવાની સૂચનાઓ જિલ્લા આરોગ્યતંત્રએ આપી છે.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટ બંધ રહેવાની ફરિયાદો પુનઃ ઉઠવા પામી છે.
- ગાંધીનગર જિલ્લામાં આખુ સપ્તાહ ૩૧ થી ૩૫ ડિગ્રી સે. મહત્તમ તાપમાન રહેશે તેવુ દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાનમાં જણાવાયુ છે.
- અત્યારની હાલની પરિસ્થિતિમાં કોરોના વાયરસના ભયના કારણે સે. ૨ માં આવેલ હરિપાર્ક સોસાયટીના રહીશોએ હોળી રમવાનો તેમજ સમૂહ ભોજનનો કાર્યક્રમ રદ કરેલ છે. જો કે હોલિકા દહનનો કાર્યક્રમ યથાવત રાખવામાં આવ્યો છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




આ બેંકવાળા પૈસા નહી રહેવા દે અને ચાઈનાવાળા જીવ નહી રહેવા દે....



ગાંધીનગર જિલ્લા મહેસુલી કર્મચારી મંડળ અને રાજ્ય મહેસુલી કર્મચારી મહામંડળ દ્વારા મહિલા મહેસુલી કર્મચારીઓનું મહિલા દિનની ઉજવણીને લઈ સન્માનિત કરવામાં આવેલ. આ સન્માન સમારોહમાં કર્મચારી મંડળના પ્રમુખ વિરમ દેસાઈ દ્વારા મહિલા કર્મચારીઓને બુકે આપવામાં આવેલ. જિલ્લા કલેક્ટરશ્રીએ નવમી માર્ચને સોમવારના રોજ મહિલા કર્મચારીઓ માટે ખાસ આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન કરવાની જાહેરાત કરાઈ હતી.

## સોનારડા પાટીયા પાસેથી વિદેશી દારુ ભરેલી કાર ઝડપાઈ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના ડભોડા પોલીસ મથક વિસ્તારના સોનારડા પાટીયા પાસેથી કારમાંથી વિદેશી દારુની ૨૭૨ બોટલ ડભોડા પોલીસે ઝડપી પાડી છે. પોલીસે દારુ, કાર, મોબાઈલ સહિત રૂ. ૩,૧૩,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી એક શખ્સની અટકાયત કરી પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડભોડા પોલીસ પોલીસ મથકના પીએસઆઈ બી.આર. રાઠોડના માર્ગદર્શન હેઠળ જવાનો વેલજીભાઈ, વિજયકુમાર વિપુલકુમાર, અશ્વિનભાઈ, પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે વિદેશી દારુ ભરેલી એક કાર દહેગામ-નરોડા માર્ગ પરથી પસાર થવાની છે. જેને પગલે પોલીસે સોનારડા પાટીયા પાસે વોચ ગોઠવી બાતમીવાળી ગાડી નં. જી.જે.૯.એ.જી.-૪૩૩૫ નંબરની ગાડી દેખાતા પોલીસે ઉભી રાખી અંદર તપાસ કરતા વિદેશી દારુની ૨૭૨ બોટલ કિ. ૧,૮,૮૦૦, ઈન્ડીકા કાર કિં.રૂ.૨ લાખ તેમજ મોબાઈલ સહિત એક શખ્સની અટકાયત કરવામાં આવી છે. પોલીસે યુવકનું નામ પુછતા તેણે આકાશ ત્રિકમદાસ માલકાણી (ઉં.વ.૨૪, રહે. મોડાસા રાધાબેનના દવાખાના પાછળ) હોવાનું જણાવ્યું હતું. જયારે દારુ અંગે પુછપરછ કરતા પકડાયેલા શખ્સે આ દારુ ખેરવાડા બજારમાંથી સોમો નામના શખ્સે ભરી આપી હતી અને દારુ ભરત લંગડાનો છે. જયારે દારુ અમદાવાદ રીંગરોડ પર જઈ ફોન કરી જે વ્યકિત ગાડી લેવા આવે તેને ગાડી આપવાની હતી.

## સ્વચ્છતા જાગૃતિ અંગે યોજાયેલ બાળ વકતૃત્વ-ચિત્ર સ્પર્ધાના ઈનામોનું વિતરણ

ગાંધીનગર

સ્વચ્છ ભારત મિશન



અંતગર્ત જનજાગૃતિ ફેલાવાના ઉદ્દેશથી સાબરમતી સમૃદ્ધિ સેવાસંઘ ગાંધીનગર હેઠળ ચાઈલ્ડ હેલ્પ લાઈન-૧૦૯૮ દ્વારા ગાંધીનગર, જિલ્લાની બાળકોને લગતી સંસ્થાઓ, સ્કૂલો અને સરકારી બાળ ગૃહોના આશરે ૧૨૪૫ બાળકોની તૂદુરસ્ત આરોગ્ય પ્રત્યે બાળકોને જાગૃત કરવા તથા તેઓની પોતાની કાળજી પોતે જોતે જ રાખી શકે તે માટે સ્છચ્છતા જાગૃતિ પર ચિત્ર સ્પર્ધા અને વકૃત્વ સ્પર્ધાના કાર્યક્રમો આ અગાઉ યોજવામાં આવ્યા હતા.

આ વિવિધ કાર્યક્રમોની પૂર્ણાહૂતિ બાદ તાજેતરમાં બાળગૃહ સેકટર-૧૭, ગાંધીનગર ખાતે, ગાંધીનગર જિલ્લાના અધિક જિલ્લા કલેકટર શ્રી એચ.એન.જાડેજાના હસ્તે તેમજ મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના અધિક કમિશનના શ્રી ઋષિન ભટ્ટ તેમજ સી.ડબલ્યુ.સીના ચેરમેન શ્રી રમણભાઈ દેસાઈ તેમજ એસ.એસ.એસ.એસના ડાયરેકટર શ્રી ફાધર ઝેવિયર, બાળ સુરક્ષાના શ્રી સંજય પટેલની ઉપસ?થિતિમાં ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં પ્રથમ ઈનામ ૩૦ બાળકોને દ્વિતિય ઈનામ-૩૦ બાળકોને અને તૃતિય ઈનામ ૩૦ બાળકોને મળી કુલ ૩૦ ઈનામોનું વિતરણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યા હતા.

## રેડક્રોસ દ્વારા ફાર્મસી ઈન્સ્ટીટયુટ કલોલ ખાતે થેલેસેમીયા ટેસ્ટ અને અવેરનેસ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૭

ગુજરાત રેડક્રોસ સોસાયટીના સહયોગથી જિલ્લા રેડક્રોસ ગાંધીનગર દ્વારા કલોલ ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસી કોલેજ ખાતે થેલેસેમીયા ટેસ્ટ તેમજ અવેરનેસ કેમ્પ ગતરોજ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન યોજાયો હતો.આ કેમ્પમાં ઈન્સ્ટીટયુટમાં અભ્સાય કરતા ૭૧ વિદ્યાર્થીઓએ થેલેસેમીયાનો ટેસ્ટ કરાવ્યો હતો.જયારે જિલ્લા રેડક્રોસ દ્વારા પત્રિકા વિતરણ કરી યુવાઓમાં થેલેસેમીયા જાગૃતિ લાવવાના પ્રયત્નો કર્યા હતા. અર્વિન દવે અને જીલુભા ધાંધલ અને દિલિપ દવે એ ખુબ સારો સહયોગ પુરો પાડ્યો હતો.

**સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ**
(ગુજરાત સરકારનું સંપૂર્ણ સાહસ)
**જાહેર નિવિદા નં. સને ૨૦૧૯-૨૦**

સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગરની વડી કચેરીમાં એક વર્ષ માટે ઝેરોક્ષ તથા સ્પાઈરલ બાઈન્ડીંગને લગતી કામગીરી કરવા સારૂ રસ ધરાવતી ફક્ત ગાંધીનગર ખાતે સ્થાયી કાર્યરત ઝેરોક્ષ એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી ભાવો મંગાવવામાં આવે છે. જે માટે ટેન્ડર ફી રૂ. ૧૧૮૦/- પુરા જમા કરાવ્યેથી કોરા ટેન્ડર ફોર્મ જનરલ મેનેજર (વહીવટ) બ્લોક નં.૧૨, ચોથો માળ (સ્ટોર શાખા) સચિવલાય- ગાંધીનગરની કચેરીએથી તા. ૧૮/૩/૨૦૨૦ સાંજના ૧૭.૦૦ કલાક સુધી જ ભાવો મેળવી લેવાના રહેશે અને ભરેલ ટેન્ડર ફોર્મ તા. ૩૦/૩/૨૦૨૦ના ૧૬.૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે.

જનરલ મેનેજર (વહીવટ)
માહિતી/૨૪૯૦/૧૯-૨૦ સ.સ.ન.નિ.લિ., ગાંધીનગર

ટચૂકડી જાહેર ખબર

**NAME CHANGE**

My old name Pujaben Bachubhai Ninama so, New name Poojaben Bachubhai Ninama
**Poojaben Bachubhai Ninama**
A-44, Shyamal Society,
Nr. J.K. Park, Gota Road,
Chandlodia,
Ahmedabad-382481

**નામ બદલેલ છે**

મારું નામ પૂજાબેન બચુભાઈ નિનામા હતું. તે બદલી પુજાબેન બચુભાઈ નિનામા રાખેલ છે.
લિ.
**પુજાબેન બચુભાઈ નિનામા**
એ-૪૪, શ્યામલ સોસાયટી,
જે.કે. પાર્કની સામે, ગોતા રોડ, ચાંદલોડીયા,
અમદાવાદ-૩૮૨૪૮૧

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# શિક્ષણ, સ્વાસ્થ્ય, સુરક્ષા કે રોજગાર મહિલાઓનાં હિત માટે પ્રતિબદ્ધ સરકાર

ગુજરાત સરકાર દ્વારા મહિલાઓનાં સર્વાંગી વિકાસ માટે લેવામાં આવી રહેલા મહત્વપૂર્ણ પગલાં




## શિક્ષણ

**મહિલાઓનું શૈક્ષણિક સશક્તિકરણ**
**કન્યા કેળવણીની દિશામાં આગેકદમ**

- **વ્હાલી દીકરી યોજનાઃ** દીકરીઓનો જન્મદર વધે, ડ્રોપઆઉટ રેશિયો ઘટે તે હેતુથી દીકરીને પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૪,૦૦૦, નવમાં ધોરણમાં પ્રવેશ વખતે રૂ. ૬,૦૦૦ અને ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચશિક્ષણ/લગ્નમાં રૂ.૧,૦૦,૦૦૦ ની સહાય આપે છે
- **બેટી બચાવો બેટી પઢાવોઃ** આ સામાજિક અભિયાન દ્વારા દીકરીનો જન્મદર વધે, દીકરીઓમાં માધ્યમિક શિક્ષણનો દર વધે, સ્વાસ્થ્ય અને સુરક્ષા માટેના પરિણામલક્ષી પગલાં
- **કસ્તુરબા ગાંધી વિદ્યાલયઃ** રેસિડેન્શિયલ હોસ્ટેલ કમ સ્કૂલોમાં અભ્યાસ કરતી ૨૨,૦૦૦ કન્યાઓ માટે વિના મૂલ્યે રહેવા તથા ભોજનની વ્યવસ્થા સુનિશ્ચિત

## સ્વાસ્થ્ય અને પોષણ

**સશક્ત મહિલા, સુપોષિત ગુજરાત**

- પૂરક પોષણ યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, બાલસખા યોજના, કસ્તૂરબા પોષણ સહાય યોજના, પૂર્ણા યોજના જેવી વિવિધ યોજનાઓ થકી ધાત્રી માતા અને બાળકોને પોષણયુક્ત આહાર મળે અને મહિલાઓ રોગમુક્ત રહે તેના માટે સરકાર ખડે પગે
- **દૂધ સંજીવની યોજનાઃ** આંગણવાડી અને પ્રાથમિક શાળાના બાળકો, ધાત્રી માતાઓ સહિત અંદાજિત ૩૦ લાખ લાભાર્થીઓને ફ્લેવર્ડ દૂધ
- **૪૦ લાખ શૌચાલય નિર્માણ કરીને ગુજરાત** ODF **રાજ્ય જાહેર થયું છે જેનો નારી સમ્માન અને નારી સ્વાસ્થ્ય સાથે સીધો નાતો છે**

## મહિલા સુરક્ષા

**ગુજરાતમાં કાયદા ને વ્યવસ્થાનું રાજ**
**સરકારે જીત્યો મહિલાઓનો વિશ્વાસ**

- **૧૮૧ અભયમ્ હેલ્પલાઈનઃ** એક ફોન કોલ અને મહિલાની સુરક્ષા માટે પોલીસ હાજર
- **વન સ્ટોપ સેન્ટરઃ** પીડિત મહિલાને એક જ જગ્યાએ (૨૪X૭) મળી રહી છે કાયદાકીય સહાય, પોલીસ સહાય તબીબી સહાય, સામાજિક સમસ્યામાં પરામર્શ
- **મહિલા સુરક્ષા સમિતિઃ** મહિલાઓ પર થતા અત્યાચારને રોકવા રાજ્ય કક્ષાએ ઉપરાંત શહેર/જિલ્લા/તાલુકા/ગ્રામ્ય કક્ષાએ પણ મહિલા સુરક્ષા સમિતિનું ગઠન
- **મહિલા સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગઃ** આત્મ સુરક્ષા માટે મહિલાઓને અપાઈ રહી છે તાલીમ
- **નારી અદાલત - મહિલા અદાલતઃ** ગુજરાત સરકાર દ્વારા ૨૭૦ નારી અદાલતોની સ્થાપના કરવામાં આવી છે. જેના દ્વારા ૧૮,૦૦૦ કેસનું સમાધાન કરવામાં આવ્યું છે. તેટલું જ નહી પણ દરેક ગામ, તાલુકા અને શહેરમાં મહિલા સુરક્ષા સમિતિનું ગઠન કરવામાં આવ્યું
- રાજ્યના ૩૪ જિલ્લા મુખ્ય મથકો, ૬ પવિત્ર યાત્રાધામો અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી મળી કુલ ૪૧ સ્થળોએ ૧૨૩૮ જંક્શનો ઉપર ૭૦૦૦થી વધુ CCTV કેમેરા નેટવર્ક. જેનાથી સ્ત્રી સુરક્ષાને વેગ મળી રહ્યો છે
- **એન્ટી સાઈબર બુલિંગ યુનિટની સ્થાપના આપી રહી છે મહિલાઓને સાયબર બુલિંગથી રાહત**

## રોજગાર

**સ્વરોજગાર દ્વારા મહિલાઓનું આર્થિક સશક્તિકરણ**

- મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત ગ્રામીણ અને શહેરી વિસ્તારની મહિલાઓ જૂથ બનાવી રૂ.૧ લાખ સુધીનું ધિરાણ મેળવે તો તેનું સંપૂર્ણ વ્યાજ રાજ્ય સરકાર ચુકવશે. મહિલાઓને સ્વરોજગાર માટે પ્રોત્સાહન આપતી અદ્ભુત યોજના છે
- સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાોમાં ૫૦ ટકા મહિલા આરક્ષણ અને સરકારી નોકરીઓમાં ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે આરક્ષિત રાખીને ગુજરાત સરકારે મહિલાઓને સમાન તક આપી છે

## મહિલા સશક્તિકરણની ધ્યાનાકર્ષક બાબતો

- **ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજના હેઠળ અંદાજિત ૫ લાખ લાભાર્થી વિધવા બહેનોને પ્રતિ માસ સહાય**
- **મહિલા સમ્માન જળવાઈ રહે તે ઉદેશ્યથી નવા મંજૂર આવાસની સાથે-સાથે બાથરૂમની સુવિધા ઉભી કરવા માટે લાભાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા રૂ. ૫૦૦૦ ની સહાય**
- **અનુસૂચિત જાતિની દીકરીઓને લગ્ન સમયે નાણાકીય સહાય આપતી કુંવરબાઈનું મામેરૂ યોજના**
- **વર્ષ ૨૦૨૦-૨૧ના "જેન્ડર બજેટ સ્ટેટમેન્ટ" માં મહિલાલક્ષી યોજનાઓ માટે રૂ. ૭૮,૪૧૮ કરોડ ફાળવીને ગુજરાત સરકારએ ઉત્કૃષ્ટ ઉદાહરણ સમાજ સામે રજુ કર્યું છે**

Z INFO - 2019-20 (104)



## નિર્ણાયક નેતા, મજબૂત સરકાર

**નારી સુરક્ષા, સમ્માન અને મહિલા સશક્તિકરણ માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે.**
– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત